Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# आत्मानन्द प्रकाश

इह हि रागद्वेषमोहाद्यभिभूतेन संसारिजन्तुना
शारीरमानसानेकातिकटुकदुःखोपनिपात-
पीडितेन तदपनयनाय हेयोपादेय-
पदार्थपरिज्ञाने यत्नो विधेयः ॥

पुस्तक ११ ] वीर संवत् २४४०, माह आत्म. संवत् १८ [ अंक ७ मो.

॥ ॐ ॥

## शिव श्री वरवा श्रेयांसजिन प्रणाम.

( शार्दूल विक्रीडित. )

१ संसारार्णव मांही प्राणी गणने २ पोतायमान प्रभो,
३ रोगाक्रान्त थयेल ने जवथकी वैद्यः समानी विभो;
ध्याताने निज ध्यानना प्रबळथी ध्येय स्वरुपी करे,
श्री श्रेयांस जिनेंद्र ते प्रणमीए जेथी ४ शिव श्री ५ वरे. ९

जिज्ञासु जमेदवार.

१-संसार समुद्र-२ वहाण समान-३ रोगथी पीडाएल-४ कल्याण (मोक्ष) ५-लक्ष्मी

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



॥ ૐ ॥

# शमभाव विचाराष्टक.

રાગ.

## કાફી જિલ્લો—તાલ દીપચંદી.

( નાથ કૈસો ગજકો બન્ધ છુડાયો—એ ચાલ. )

આ જગમાં **શમ** ગુણ સમ નહિ કોઇ, પાર ઊતારે ભવ સોઇ—આ જગમાં૦
વિકલ્પિક વિષયને દૂર કરીને, ગ્રહણ સ્વભાવ દશાનું;
જ્ઞાન તણો પરિપાક કહેએ, મુનિવર **શમ** સમ જાનું. —આ જગમાં૦
કર્મ વિષમતાને અણ ઇચ્છે, બ્રહ્માંશે સમ દેખે;
અભેદપણે આતમ જગ જાને, સો **શમી** શિવપુર પેખે. —આ જગમાં૦
યોગ ઇચ્છક મુનિજનને પહેલાં, બાહ્યક્રિયા હિતકર છે;
અન્તર ગત ક્રિય આરૂઢ યોગી, **શમ**થી શુદ્ધ બને છે. —આ જગમાં૦
ધ્યાનની ધારા નદી કરૂણામાં, **શમ**પુરને જળ પ્રસરે;
તીર ઊપર સ્થિત વૃક્ષ વિકારી, ઊન્મૂલન કરી ઘસરે. —આ જગમાં૦
જ્ઞાન ધ્યાન તપ શીલ સહિત જે, સમકિત વંત ન સાધે;
તે ગુણ અલ્પ સમયની માંહે, શમી **શમ** ભાવે આરાધે. —આ જગમાં૦
**શમ** રસ વૃદ્ધિ લહી મુનિ કરતા, હોડ સ્વયંભૂ રમણની;
ચરાચર જગમાં સરખાપણાની, ઊપમા ન ઘટે ઊપેયની.—આ જગમાં૦
**શમ** વચનામૃત દ્રવતા જેનું, રાત દિવસ મન ભીનું;
રાગ રૂપ અહિના વિષની ત્યાં, ઊર્મિએ કલેશ ન લીનું.—આ જગમાં૦
જ્ઞાનરૂપ ગજ ગર્જના કરતા, ધ્યાન તુરંગ રંગીલા;
**શમ** સામ્રાજ્ય એ સંપદા પામી, મુનિ વરે જય વરમાલા—આ જગમાં૦

**જિજ્ઞાસુ-ઊમેદવાર.**

---

# स्नेहतोऽपि धर्मः

## સ્નેહ થકી શું ધર્મ પ્રાપ્તિ થઇ શકે છે?

( લેખક. મુનિ- મણિવિજયજી. મુ. લુણાવાડા. )

હે મહાનુભાવ. સ્નેહ (પ્રીતિ) જે છે તે જગતના જીવોને બાંધવાને માટે લોખડની સાંકળ સમાન છે. સર્વે પદાર્થોને સ્વાયત્ત (વશવર્ત્તિ) કરી શકાય છે પરંતુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્નેહને વશ કરવો મહા દુર્ઘટ છે, આવો સ્નેહ પ્રાણિયોના આત્માનો ઘાત કરનાર એટલે અનંતા ભવ સંસાર ચક્રવાલનાઅંદર જીવોને પરિભ્રમણ કરાવવા વાલોછે. સ્નેહના આધિનપણાથી કઈક ડુબી ગયા છે અને આધુનીક સમયને વિષે પણ બાહુલ્યતાયે કરી ઘણા જીવો ડુબેછે. તરવા વાલાતો કોઇકજ હોયછે અર્થાત્ જે સ્નેહનો ત્યાગ કરેછે તેજ મહાત્મા તરી શકે છે. અને બીજા રાગીયો જે છે તે બુડી જાયછે પણ તરતા નથી.

**વિવેચન**—સ્નેહ. એટલે રાગ વાત્સલ્યતા (પ્રીતિ ભાવપણું) તે સ્નેહ કહેવાય છે; આ સ્નેહ અરસપરસ એક બીજાને અન્યોન્ય હોય છે; જેમકે પુત્રને વિષે માતાપિતાનો સ્નેહ. ને માતાપિતાને વિષે પુત્રનો સ્નેહ, તેમાં પણ માતાને પુત્રને વિષે અને પુત્રને માતાને વિષે વિશેષ પ્રકારનો સ્નેહ હોય છે. વળી પતિને સ્રીની ઉપર 'અર્થાત્ સ્વામીને પોતાની સ્રી ઉપર અને સ્રીને પોતાના સ્વામી ઉપર ઘણોજ સ્નેહ હોય છે, તેમજ બન્ને મિત્રોને અરસપરસ ગાઢ (ઘણોજ) સ્નેહ ભાવ હોય છે; તેમજ રાજાને સેવક ઉપર અને સેવકને રાજા ઉપર ઘણોજ પ્રેમ ભાવ હોય છે તથા ગુરૂને શિષ્યના ઉપર તેમજ શિષ્યને ગુરૂના ઉપર સ્નેહ ભાવ હોય છે. આવો સ્નેહ પ્રાણિયોને કેવળ કર્મ બંધન તથા ભવવૃદ્ધિ કરાવવાવાળો થાય છે.

કેટલાક માણસોને કોઇપણ વસ્તુ, પાત્ર, વસ્ત્ર, પૈસા તેમજ સંસારના અનેક પદાર્થ ઉપર સ્નેહ ભાવ હોય છે, તે પણ આર્ત્તધ્યાન રૌદ્રધ્યાન કરાવી દુર્ગતિને વિષે નાખવાવાળો થાય છે. આવો સ્નેહ આધુનિક સમયમાં ઘણાજ જીવોમાં જોવામાં આવે છે. કેટલાક ઉત્તમ તથા ભવ્ય પ્રાણીયો તથા હલવા કર્મી જીવોને જિનેશ્વર મહારાજ તથા સદ્ગુરૂને વિષે કે જેઓ પંચ મહાવૃત પાલનારા છે, ષટ જીવનિકાયની રક્ષા કરનારા છે, કંચન કામિનીના ત્યાગી ભવ્ય પ્રાણીયોને તારનારા તથા સ્વપરનું કલ્યાણ કરનારા દ્રવ્યક્ષેત્ર કાળ ભાવ પ્રમાણે સંયમ પાળનારા સદ્ગુરૂને વિષે તેમજ દયાધર્મને વિષે તેમજ દેવતત્વ ગુરૂતત્વ તથા ધર્મતત્વ–શુદ્ધ સમ્યકત્વને વિષે, સ્નેહ થાય છે, તે તથા પોતાના સ્વામી ભાઇયોને વિષે સ્નેહભાવ જે થાય તે સ્નેહભાવ પ્રશસ્ત કહેલો છે; અને દીર્ઘદ્રષ્ટિથી જો વિચાર કરવામાં આવે તો દેવગુરૂધર્મ શુદ્ધ સમ્યકત્વ તથા સ્વામી ભાઇયોને વિષે જે સ્નેહ છે તેજ ઉત્તમ છે પણ બીજો સંસારી માણસો વા પદાર્થ ઉપરનો સ્નેહભાવ કોઇપણ પ્રકારે સારો નથી. આવું જાણીનેજ ઘણા જીવો જે કે સ્વામી ભાઇયો ઉપર પ્રીતિ કરવાવાળા છે તે લોકોને જ્ઞાની મહારાજે ઉત્તમ કહ્યા છે. પણ બીજાને નહિ. કહ્યું છે કે:—

यतः

साहम्मिअंमिपत्ते, घरंगणे सुजस्स होइ न हुनेहो,  
जिणसासण ज्झणियमिणं, समत्त तस्स संदेहो, ॥ १ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ભાવાર્થ**—જે માણસને પોતાના ઘર આંગણાને વિષે સ્વામીભાઇ (સાધર્મીક ભાઇ ) આવ્યે છતે સ્નેહ ઉત્પન્ન થતો નથી, તેવા માણસોને માટે જૈનશાસ્ત્રને વિષે કહેલું છે કે તે માણસને સમ્યક્ત્વ છે કે નથી, તે વાતનો સંદેહ જાણવો.

**વિવેચન**—આ દૂષમ કાળમાં કુટુંબ પોષણના સ્વાર્થી માણસો કુટુંબ પોષણ કરવા માટે રાત્ર દિવસ રક્ત રહી અનેક પ્રકારના ચીકણા કર્મને બાંધે છે, પણ જેની ભક્તિ કરવાથી ઘણોજ લાભ થાય છે, આવા સ્વામી ભાઈયોને વિષે એક પૈસો માત્ર કાઢવો અથવા વાપરવો તે પણ મરણાંત કષ્ટને માટે થવા જેવું સમજે અર્થાત્-લોભીપણાના દુર્વ્યસન થકી સ્વામીભાઈનું પોષણ કરવું તથા ભક્તિ કરવી તો દૂર રહી, પણ તેમના દર્શન તેમનું આવાગમન પણ-મહા દુઃખને માટે તેમજ મહા પાંપના હેતુભૂત માને છે.

**સ્નેહ**—કેવલ દુઃખ અને અનર્થની પરંપરાના કારણભૂત છે કહ્યું છે કે—

**यतः**

दुग्धंपयस्तदनुचक्कथितंततोऽनु, माधुर्यमप्यपहृतंमथितंचपश्चात् ।
दग्धं पुनर्घृतकृते नवनीत वृत्तेः, स्नेहो निबंधन मनर्थ परंपरायाः ॥ १ ॥

**ભાવાર્થ**—દુધ એ એક મિષ્ટ અને સ્વાદિષ્ટ પદાર્થ છે, તેના સ્વાદને જાણનાર માણસ મિષ્ટ દુધનો આ સ્વાદ સંપૂર્ણ લેવા માટે પરીક્ષા કરે ને પરીક્ષા કરી બોલે કે આ દુધમાં પાણિ રહેલું છે અથવા આ દુધ પાણિ જેવું છે, આવું કહેવાથી દુધની દુદર્શા સંપૂર્ણ રીતે થાય છે એટલે કે પાણી જેવું છે માટે તેને તપાવો ઉષ્ન કરો ) કે પાણિના બલી જવાથી સ્વાદિષ્ટ થાય. ત્યારબાદ તપાવ્યા પછી કાંઇક વિશેષ સ્વાદ હતો તે નાશ પામ્યો અને માધુર્યપણ દુર થયું, ત્યારે કહે કે આ દુધ સારૂં નથી તો તે દુધને વિષે મેળવણ નાખી તેનું દધિ ( દહીં ) કરવામાં આવે છે અને દહીં થયા પછી આને વિષે ( દહીને વિષે ) ઘી રહેલું છે માટે મંથન કરો પછી મંથન કરવામાં આવે છે અને મંથન કરવાથી નવનીત માખણ નીકળે છે તેને તપાવીને તેનું ઘી કરવામાં આવે છે. અહો ! અહો ! મહા આશ્ચર્યની વાત તો એ છે કે દુધમાં ( સ્નેહ ) કહેતા ઘી રહેલું છે તેથી દુધ આટલી આટલી વિટંબના પામે છે તેવીજ રીતે (સ્નેહ) કહેતાં પ્રીતિ જે છે તે પણ અનર્થની પરંપરાના મહાન્ હેતુભૂત છે. વલી પણ કહ્યું છે કે—

**यतः**

लूनास्तिलास्तदनुशोषमुपागतास्ते, शोषाद्विशुद्धि मथतापजपेतवंतः,
तापात् कठोरतरयंत्रनिपीडितास्ते, स्नेहो निबंधन मनर्थ परंपरायाः ॥१॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ભાવાર્થઃ**—તલોને પ્રથમ લુન્યા પછી (અર્થાત્) તલના સ્તંભ થકી-તેના છોડ ઉપરથી લણી લીધા પછી તે શોષપણાને એટલે કાંઇક લગાર માત્ર શુષ્કપણાને પામે છે, ત્યારબાદ વિશેષ શુષ્ક કરવાને માટે તાપે તપાવવા પડે છે, તપાવવાથી કઠોરપણું પ્રાપ્ત થાય છે અને કઠોરપણાથી અલ્પ મહેનતે તલોમાંથી તૈલ (તેલ) નીકલી શકતું નથી માટે યંત્રને વિષે (ઘાંચીની ઘાણીને વિષે) પીલવામાં આવે છે; આવા મહાન્ દુઃખો તેલને સહન કરવા પડે છે તે પોતાને વિષે (સ્નેહ) કહેતા તેલ રહેલું છે તેજ કારણ છે બીજું કાંઇપણ કારણ નથી. માટેજ સ્નેહ જે છે તે મહા અનર્થની પરંપરાનું કારણ છે અને તેથીજ મહા દુઃખિપણાને પામે છે.

**વિવેચન**—સ્નેહ દુઃખની ખાણ છે- અનર્થનું મૂલ છે, દુર્ગતિનાં દ્વાર રૂપ છે, આપત્તિની પરંપરાને આણનાર છે. વ્યસનને ઉપ્તન્ન કરનાર છે, સંસારની વૃદ્ધિના હેતુભૂત છે, ધર્મ માર્ગ થકી ભ્રષ્ટ કરનાર છે, પુન્યને શોષણ કરનાર છે, પાપનું પોષણ કરવા વાલો છે, કિંબહુના કેવલ ભવ વૃદ્ધિ કરી સંસાર ચક્રવાલને વિષે પરિભ્રમણ કરાવનાર છે આવા સ્નેહના સમાન એક પણ દારૂણ (ભયંકર) દુર્ઘટ દુઃખ નથી.

આવો પાપિષ્ટ સ્નેહ છે તે પણ કોઇક માણસોને ધર્મ વૃદ્ધિના કારણભૂત થાય છે.

## अर्हन्नक यति मातृवत्

**ભાવાર્થ**—અર્હન્નક મુનિની માતાની પેઠે અર્હન્નક મુનિનો દ્રષ્ટાંત નીચે મુજબ.

**સ્નેહેદ્રષ્ટાંત**—તગરા નામની નગરીને વિષે અર્હન્ મિત્ર નામના આચાર્ય મહારાજ પાસે દત્તનામના વણીકે (વાણીયાયે) અર્હન્નકનામના પોતાના પુત્ર સહિત દિક્ષા લીધી. તેને પોતના પુત્ર અર્હન્નક મુનિ ઉપર અત્યંત સ્નેહ હોવાથી આહાર પાણી પોતે લાવી તેમનું પોષણ કરે પરંતુ લગાર માત્ર પણ કામકાજ કરવા આપે નહિ; આવી રીતે નિરંતર મનોહર આહારાદિક વાપરવાથી તેમજ કોઇ પણ પ્રકારની ચિંતાના રહિત પણા વડે કરી તેનું શરીર ઘણુંજ સુકુમાળ થઇ ગયું. આવા સુકુમાળ શરીર વાલો નિરંતર નિર્ગમન કરવા લાગ્યો, અનુક્રમે તેના પિતા કાળ ધર્મ પામ્યા પછી (મરણ પામ્યા પછી) પિતાના દુઃખથી દુઃખિત થયેલા અર્હન્નક મુનિને બીજા સાધુયે કેટલાક દિવસ આહાર પાણી લાવી આપ્યા. અન્યદા સાધુઓયે કહ્યું કે આજદિન સુધી તો તહારા પિતા હતા તે સ્નેહભાવથી તને આહાર પાણી લાવી આપતા, તેના પરલોક ગમન પછી તેના શોકમાં ડુબી જઇ દુઃખી થયેલા એવા તને આહાર પાણી આટલા દિવસ સુધી અમોએ લાવી આપી તહારૂં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોષણ કર્યું પણ હવેતો પ્રમાદ છોડો ગામને વિષે ગોચરી તું જા ! રોજને રોજ બેઠા બેઠા તને કોઈ લાવી આપનાર નથી.

આવી રીતે અન્ય સાધુઓના કહેવાથી **ग्रीष्म ऋतौ** ( ઉનાલાની ગરમીના દિવસોમાં ) બરાબર મધ્યાહ્ન સમયે ( બપોરે બાર વાગતે ) ગોચરીજવા નીકળ્યો. કોઈ દિવસ ઉપાશ્રયના દ્વારથી બહાર નહિ નીકળેલા અર્હન્નક મુનિને શ્રાવકોના ઘરનું અજાણપણું હોવાથી રસ્તાને વિષે ચંચલ દ્રષ્ટિને ફેરવતો ચાલ્યો.

તેવા સમયને વિષે ઘણોજ તાપ હોવાથી તેનું સુકુમાળ શરીર પીડાપામવા લાગ્યું, તેના નેત્રો ફરવા લાગ્યા, માલતીનાં કુસુમ ( પુષ્પના ) પેઠે મુખ કરમાઇ જવા માંડયું, મસ્તક તપવા માંડયું અને પગે પણ જવાજલ્યમાન અગ્નિની જ્વાલાની પેઠે ઘણી વેદના તાપથી થવા માંડી, આવા એકી સાથે પાંચ સાત પરિસહ સહન નહિ થવાથી ગ્લાની પામેલો ( ખેદ પામેલો ) અર્હન્નક મુનિ રસ્તાને વિષે રહેલા કોઇક ગૃહસ્થના મોટા મહેલના ( પ્રાસાદ ) એટલે ઘરના જરૂખા નીચે જઇને ઉભો રહ્યો.

હવે તે પ્રાસાદનો સ્વામી ( ઘરધણી ) પોતાની સ્રીને છોડી ઘણા વખતથી પરદેશ ગયો હતો. તે લાંબા કાળ સુધી ઘરે નહિ આવવાથી તેની સ્રી વિરહાનલથી તપ્ત થઇ રાત્ર દિવસ વ્યતીત કરતી હતી. તેવામાં પોતાના પ્રાસાદના જરૂખા નીચે શરીરમાં રૂપાળા તથા પુષ્ટ તેમજ નવયૌવન વયવાળા સુકુમાલ મુનિને દેખી તેનું ચંચલ ચિત્ત વિષય વાસનામાં ચલાયમાન થયું, તેથી તે મુનિને ઉપર બોલાવી મોદક ( લાડવાનો ) થાળ ભરી ઉભી રહી અને કહેવા લાગી કે હે મુનિ ! આ મનોહર લાડુને ગ્રહણ કરો, વળી પણ નેત્રના કટાક્ષને ફેંકતી હાવ ભાવાદિક પ્રગટ કરી અંગો પાંગને દેખાડતી, મુખને મરોડતી, મુખમાંથી ફુલડા સમાન વચનને વરસાવવા લાગી. અહો મહાનુભાવ—આ ઉત્તમ યૌવન અવસ્થા કેવલ સંસારના પાંચપ્રકારના વિષય સુખ ભોગવવા માટેજ છે. તો તમો આવી લઘુ અને સંસારના સુખની અવસ્થાને તપસ્યા કરી દુશ્કર ક્રિયા કરી શા માટે ફોગટ કાયાને ગાળી નાંખો છો. આવી રીતે હાવભાવ તથા મનોહર વચનોયે કરી તેમજ તેના નેત્ર બાણથી વિંધાયેલો અર્હન્નકમુનિ સંયમને ત્યાગ કરી તેના સાથે આસકત થયો. પ્રથમ મંદમંદ વિષયાદિક સેવન કરતો પછાડી વિષયને વિષે અત્યંત લુબ્ધ થયો અને વૃતને વિસારી મુકી રાત્રદિવસ વિલાસ સુખ ભોગવવા લાગ્યો. તે વખતે ગોચરીનો કાળ વ્યતિત થવાથી અને અર્હન્નક નહિ આવવાથી સમગ્ર મુનિયોયે તેની ઘણીજ શોધ ખોળ કરી કરાવી પરંતુ નહિ મલવાથી તેમની માતા સાધવીને તેના સમાચાર કહ્યા.

તેની માતા આવા દુઃખ ઉત્પન્ન કરનારા સમાચારને સાંભલી પુત્રના ઉપર તીવ્ર ( અત્યંત ) મોહ હોવાથી ગ્રથીલી ( ગાંડી થઇ ગઇ ) અને રાત્ર દિવસ નગરને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિષે ભમવા લાગી. જે લોકો મળે તેને પૂછે કે મ્હારા અર્હન્નકને કોઇયે દીઠો છે? આવી રીતે બોલતી દરેક સ્થળે ફરવા લાગી. હજારો લોકો પણ તેનાં ગાંડાપણાને જોઇ તેની પુંઠે ફરવા લાગ્યા. એવી રીતે મોહને વિષે પોતાના સંયમને પણ પોતે દૂર ગુમાવી દીધો. મોહિત માણસોને કયાંય પણ સ્થિરતા અથવા શાંતિ હોઇ શક્તિ નથી. કહ્યું છે કે—

## यतः

संसारे ते नरा धन्या, येमोहेनैवमोहिताः
मोह मोहित चित्तानां, न जने न वनेरतिः ॥ १ ॥

**ભાવાર્થ**—સંસારને વિષે તેજ માણસોને ધન્ય છે કે જેઓ મોહવડે કરી મોહિત થતા નથી અર્થાત્ મોહને વિષે લુબ્ધ થતા નથી અને જે પ્રાણીઓના ચિત્ત મોહને વિષે મુંઝાયેલા છે તેઓને, જનોને વિષે ( લોકોના સમુહને વિષે) તેમજ વગડાને વિષે કહેતા વનને વિષે પણ શાંતિ થતી નથી. આનું મૂલ કારણ તપાસ કરશું તો મોહજ માલુમ પડશે કારણ કે, મોહિત માણસોને ઇચ્છિતનો વિયોગ થવાથી કોઇપણ સ્થળે તે શાંતિ મેળવી શકતો નથી.

**વિવેચન**—આઠે કર્મને વિષે વીતરાગ મહારાજે તે તે કર્મની સ્થિતિ બતાવી છે અને તે તે સ્થિતિવાળા સર્વ કર્મોને વિષે પણ મોહની કર્મનું મહાઉત્કટપણું કહેલું છે. આ મોહની કર્મ-ત્યાગીયો અને સંસારીયોના ઉપર સમકાળે સત્તા ચલાવવા અત્યંત પ્રકારે વિલંબ કરે તેવું બનીશકેલું નથી ને બની શકવાનું પણ નથી. અર્થાત્ સર્વેના ઉપર પોતાની સત્તાને ચલાવી પોતાને આધિન કરી ભવોને વિષે ભટકાવી મારે છે. આવા મોહને વિષે મોહાંધ થઇ જીવો ન કરવાના કરે છે, ન બોલવાના બોલે છે ન ગમન કરવાના માર્ગે જાય છે. અને તેથીજ મોહિત જીવોને વનને વિષે તેમજ લોકોને વિષે શાંતિ થતી નથી. કહેવાનું એ છે કે ત્યાગી થઇ વગડો સેવે પણ મોહ ગયો નહીં તોપણ શું, અને લોકોનો સમુહ તેને વીંટાઇ વળે-પણ મોહ ગયો નહિ તોપણ શું! મોહિત જીવોને કોઇ પણ પ્રકારે શાંતિ નથી નથી ને નથીજ.

આવી રીતે મોહમાં ફરતી ફરતી તેની માતા જ્યાં પોતાનો પુત્ર સ્ત્રીના સાથે જરૂખામાં બેસી અનેક પ્રકારે વિલાસ કરે છે ત્યાં આવી. તે વખતે જરૂખામાં બેઠેલ અર્હન્નકે પોતાની માતાની આવી અવસ્થા દેખી આ સ્થિતિનો કારણ ભૂત પોતે થઇ એટલે હુંજ છું એમ જાણી સંવેગ પામી નીચે ઉતરી પોતાની માતાના પગમાં પડયો. તે પોતાના પુત્રને દેખી મૂળ સ્થિતિમાં આવી ગઇ ( એટલે ડાહ્યાપ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ણાને પામી ગઈ) અને કહેવા લાગી, હે પુત્ર આ તેં શું કામ કર્યું. વ્રતને ભાંગી શીયળ ખંડન કર્યું તેના કરતા તહારે મરણ પામવું સારૂં પણ વ્રતને ભંગ કરવું સારૂં નથી કહ્યું છે કે,

## यतः

वरमग्गिंमिपवेसो, वरं विसुध्धेण कम्मुणा मरणं ।
मागहिअवयभंगो, माजीअंखलि असीलस्स, ॥ १ ॥

**ભાવાર્થઃ**—અગ્નિને વિષે પ્રવેશ કરી બળી મરવું સારૂં, નિર્મળ કર્મને અંગીકાર કરી મરણ પામવું સારૂં પરંતુ ગૃહણ કરેલા વ્રતને ભાંગીને જીવવું સારૂં નથી તેમજ શીયલ ખંડન કરીને પણ જીવવું સારૂં નથી. કારણ કે વ્રત ભાંગીને જીવતા જે રહે છે તે જીવતા મુવા જેવાજ છે.

પોતાની માતાના આવા વચનો શ્રવણ કરી અર્હન્નકે માતાને કહ્યું કે તે પણ હું જાણું છું, પરંતુ દુષ્કર વ્રત ભાર ઉપાડી વહન કરવાની મહારી શકિત નથી; ત્યારે માતાએ કહ્યું કે અણસણ કરી મરવું સારૂં પણ વ્રત ભાંગી જીવવું તને લાયક નથી. આવી રીતે માતાના વાકયોથી–ઘણોજ વૈરાગ્ય પ્રાપ્ત થયો અને કરેલા કર્મને નિંદતો ગર્હા કરતો પશ્ચાતાપને વિષે મગ્ન થઇ, તીવ્ર તાપને વિષે અર્થાત્ સૂર્યના તાપથી સખત તપી ગયેલી ભૂમિ ઉપર (ગ્રંથાંતરે તાપથી તપેલી પથ્થરની શિલા ઉપર) પાદપોપગમન અણસણ કરી, માખણના પિંડ સમાન પોતાના સુકુમાળ શરીરને ગાળી નાખી ઉષ્ન પરિસહ સહન કરી શુભ ભાવના ભાવતો કાળ ધર્મ પામી દેવલોકને વિષે દેવપણે ઉત્પન્ન થયો.

ઇત્યાદિક સ્નેહ થકી પણ કરેલો ધર્મ અર્હન્નક મુનિને મહા લાભદાયક થયો, તો જે કોઇ ઉત્તમ પ્રાણી સ્નેહને છોડી દઈ ધર્મ આરાધન કરે તે અલ્પકાળને વિષે મુકિત સુખ પામે તેને વિષે કાંઇપણ આશ્ચર્ય નથી.

## इति स्नेहे अर्हन्नक मुनि संबंधः संपूर्ण.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# દાનવીર રત્નપાળ.

( ગતાંક પૃષ્ટ ૧૫૨ થી શરૂ. )

**એક દેવતાએ આપેલો દિવ્ય રસ.**

એ અરસામાં જાણે તેજનો પુંજ હોય તેવો કોઈ એક દેવ ત્યાં પ્રગટ થયો, અને તેણે રત્નપાળને સ્નેહથી આ પ્રમાણે જણાવ્યું—"હે રાજા રત્નપાળ, તારા પૂર્વના ઉપકારને સ્મરણ કરી હું તે વખતે હાજર થયો હતો. અને મેં તને જયમંત્રીના યુદ્ધમાં જયલક્ષ્મી અપાવી હતી. આજે બે કન્યાઓની પ્રાપ્તિ કરાવા માટે હાથીનું રૂપ લઈ હું તને હરી ગયો અને પેલા દુષ્ટ માતંગને આકાશમાં જતાં મેં મારી નાંખ્યો છે. હવે આ દિવ્ય રસથી ભરેલ તુંબીપાત્ર ગ્રહણ કરી મારો અનુગ્રહ કર. આ દિવ્યરસ સુકૃત કરનારા પુરૂષોનેજ પ્રાપ્ત થાય છે. આ દિવ્ય રસને પ્રાપ્ત કરવામાં ચોવીશ વર્ષ સુધી કંદમૂલ તથા ફલ ખાઇને હંમેશાં બે પોહોર સુધી અધોમુખ રહી મેં મંત્રજપ કર્યો હતો. માતંગ વિદ્યા ધારણ કરી મુશ્કેલી ભરેલી ક્રિયા કરતાં મેં મોટો હોમ કર્યો હતો. એમ કરવાથી સંતોષ પામેલા નાગેંદ્ર પાસેથી મેં આ દિવ્ય રસ મેળવ્યો છે. આ રસના એક બિંદુના સ્પર્શથી કોટી [1]પલ પ્રમાણ લોઢાનું સોનું થઈ જાય છે, દુઃસાધ્ય વ્યાધિઓ સમાઇ જાય છે, અને તેના સ્પર્શથી ભૂત–પ્રેત વગેરેના ઉપદ્રવો નાશ પામી જાય છે. આ દિવ્ય રસને ગમે તેટલો વાપરવામાં આવે તોપણ તે ઓછો થતો નથી. જેનો મહિમા આખા જગત્‌ને જીતનારો છે. એવા આ દિવ્ય રસનું તિલક કરી જો પુરૂષ યુદ્ધમાં જાય તો તે દેવતા તથા અસુરોથી પણ જીતાતો નથી. તે શિવાય બીજું પણ કાંઇ દુઃસાધ્ય હોય તે સર્વ આનાથી સાધ્ય થઈ જાય છે, તેથી આ રસ ખરેખર ચિંતામણિ રત્ન વગેરેથી પણ ચડીયાતો છે. હવે કાંઇ બીજું કામ પડે તો મને ફરીવાર યાદ કરવો." આ પ્રમાણે કહી તે દેવ વિદ્યુત્‌ના પ્રકાશની જેમ અંતર્ધાન થઈ ગયો.

તે દેવના આવા સાંનિધ્યથી વિસ્મય પામેલા મહાબળ પછી રત્નપાળને વિમાનમાં બેસારી વૈતાઢ્યગિરિપર આવેલા પોતાના નગરમાં લઇ ગયો. ત્યાં તેણે મોટા ઉત્સવો કરી સુંદર આકૃતિવાળી પોતાની બે કન્યાઓને રત્નપાળની સાથે પરણાવી. મહાબળ વગેરે વીર વિદ્યાધરોએ વિનયથી સત્કાર કરાએલો રત્નપાળ કેટલાએક દિવસો સુધી ત્યાં રહ્યો હતો.

---

૧ એક જાતનું સોનાના તોલનું માપ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**રત્નપાળનો વિદ્યાધર પુત્રી સૌભાગ્યમંજરી સાથે વિવાહ.**

આ અરસામાં વૈતાઢ્ય પર્વત ઉપર આવેલા **ગગનવલ્લભ** નગરમાં વલ્લભ નામના વિદ્યાધરોના રાજાને **હેમાંગદ** નામે એક બલવાન્ પુત્ર હતો. તેને કલાઓમાં કુશળ અને અનુક્રમે યોવન વયને પ્રાપ્ત થયેલી **સૌભાગ્યમંજરી** નામે યથાર્થ નામવાળી પુત્રી હતી. એક વખતે પુણ્યકર્મથી પ્રસન્ન થયેલી કુલદેવીએ તેણીને સર્વ કામને આપનારૂં એક રત્નમય દિવ્ય કંકણ આપ્યું હતું. સખીઓની સાથે જિનાલયમાં નૃત્ય કરતાં રાત્રે દૈવયોગે હાથમાંથી તે કંકણ નીકળી પડ્યું. ઉત્તમ પ્રકૃતિવાળી તે બાળા ત્યારથી ખેદ પામી સરસ આહારનો ત્યાગ કરી ફલાહાર કરી તપસ્યાથી રહેતી હતી. પુત્રીના આ દુઃખથી દુઃખી થયેલા પિતાએ એક વખતે અષ્ટાંગ નિમિત્ત શાસ્ત્રને જાણનારા એક નિમિત્તિઆને સ્પષ્ટ રીતે પૂછ્યું તે ઉપરથી ચતુર નિમિત્તિએ તપાસીને કહ્યું, "રાજન્, આ તમારી પુત્રી સૌભાગ્યમંજરીનો હરનાર પુરૂષ તેણીના સ્વયંવર મંડપમાં પોતાની મેલે આવશે. અને રૂપથી કામદેવ કરતાં અધિક એવો તે પુરૂષ તે સમયે તેણીને પરણશે." નિમિત્તિઆના આ વચન સાંભળી હર્ષ પામેલા રાજાએ તત્કાળ તે સૌભાગ્યમંજરીના સ્વયંવરનો આદર કર્યો. દૂતોને મોકલી ઘણાં ખેચર રાજાઓને તેમાં બોલાવવામાં આવ્યા હતા.

આ પ્રસંગે મહાબળ વગેરેની સાથે રત્નપાળ કૌતુકથી તેણીના સ્વયંવર મંડપમાં આવ્યો. તેમાં પેલું દિવ્ય કંકણ હાથમાં ધારણ કરીને તે આસન ઉપર બેઠો. સારા રૂપવાળા અને ઉત્તમ અલંકારોને ધારણ કરનારા ત્યાં બેઠેલા પ્રત્યેક વિદ્યાધરોને સૌભાગ્યસુંદરી જોવા લાગી. તેવામાં જેના હાથમાં દિવ્ય કંકણ રહેલું છે એવો રત્નપાળ તેણીના જોવામાં આવ્યો. તત્કાળ તે સુંદરીએ તેના કંઠમાં વરમાળા આરોપણ કરી. હેમાંગદ વગેરે વિદ્યાધરો તેને ઓળખવાથી ઘણાં ખુશી થઇ ગયાં.

આ વખતે બીજા જે વિદ્યાધરો સ્વયંવરમાં આવ્યા હતા, તેઓ મનુષ્યને વરેલી ખેચર પુત્રીને જોઇ ઘણાંજ રોષાતુર બની ગયા અને માંહોમાંહિ આ પ્રમાણે વિચારવા લાગ્યા. તેઓમાંથી કેટલાએક બોલી ઉઠ્યા કે, "આટલા બધા પરાક્રમી ખેચરો જોતાં છતાં જો આ મનુષ્ય વિદ્યાધરની બાળાને પરણી જાય તો પછી સર્વે જીવતા મુવા જેવા છે." આથી સર્વે ઉશ્કેરાઇ ગયા અને પોતાનો પરાભવ થવાથી પ્રબળ ક્રોધ ઉત્પન્ન કરી સૈન્ય સાથે સત્વર તત્પર થઇ યુદ્ધ કરવાને ઉઠ્યા. આ સમયે પેલા દિવ્ય રસથી પરાક્રમી અને અજય્ય બનેલો રત્નપાળ મહા બળવાન્ એવા એવા વલ્લભ વગેરે વીર વિદ્યાધરોથી વીંટાઇ યુદ્ધ કરવા સામો થયો. ચિરકાલ શસ્ત્રાશસ્ત્ર યુદ્ધ કરી કન્યાને પાછી લેવા ઉદ્યત થયેલા તે શત્રુઓને તેણે ક્ષણવારમાં હરા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વી દીધા. આ સમયે દેવ અને મનુષ્યો ચારે તરફથી આવીને કહેવા લાગ્યા કે, "એક ભૂચર મનુષ્યે સર્વ ખેચરોને હરાવી દીધા, એ આશ્ચર્ય છે." આ વાણી સાંભળીને તેઓને વધારે દુઃખ લાગ્યું, અને યુદ્ધમાં પડેલા સુભટોને શસ્ત્રધારીઓએ આશ્વાસન આપવા માંડ્યું.

પછી જાણે શરીરધારી શત્રુઓની જયલક્ષ્મી હોય તેવી સૌભાગ્યમંજરી કન્યાને રત્નપાળ મોટા ઉત્સવ સાથે પરણ્યો. વિદ્યાધર પતિ હેમાંગદે રત્નપાળને પોતાના પૂર્વના સ્નેહને લઇને પ્રજ્ઞપ્તિ, ગૌરી વગેરે ઘણી વિદ્યાઓ આપી. રાજા રત્નપાળે તે વિદ્યાઓ સાધી લીધી. વિદ્યા સિદ્ધ કરી તેણે વૈતાઢ્ય પર્વતની બંને શ્રેણીના સર્વ વિદ્યાધરોને જીતી પોતાની આજ્ઞા પ્રવર્ત્તાવી. જાતજાતની શ્રેણીબંધ ભેટોથી લક્ષ્મીને પ્રાપ્ત કરી રાજા રત્નપાળ પોતાની ત્રણ પ્રિયાઓની સાથે હેમાંગદ વગેરે વિદ્યાધરોએ સેવાતો દિવ્ય વિમાનમાં બેશી સુખે પોતાના નગરમાં આવ્યો.

પેલો દેવ ગજેંદ્રરૂપે હરી ગયા પછી સર્વ પ્રજા દુઃખથી દગ્ધ થતી હતી, તે રાજા રત્નપાળના દર્શનરૂપ અમૃતની વૃષ્ટિથી શીતળ બની ગઇ. પછી પ્રતાપથી સૂર્ય જેવો રાજા રત્નપાળ પૂર્વના પરિપક્વ પુણ્યોથી પ્રાપ્ત થયેલા પોતાના વિશાળ નિષ્કંટક રાજ્યનું પાલન કરવા લાગ્યો.

**દાનવીર રત્નપાળની અદ્ભુત દાન શક્તિ.**

સમૃદ્ધિવાળા રાજ્ય ઉપર બેઠલો રત્નપાળ જે કોઇ આશ્ચર્ય ભરેલી કથાઓ કહે, તેને તે દશ લાખ સુવર્ણ આપતો હતો. તે દાનવીર મહારાજા દીન, દુઃખી, અને દુર્બલ સ્થિતિવાળા લાખો જનોને પ્રતિદિન દશ લાખ સુવર્ણ આપી આધારવાળા કરતો હતો. કાવ્યરસને જાણનારો તે મહારાજા ઉત્તમ કાવ્ય કરનારા કવિઓને નિત્ય દશ લાખ સુવર્ણ આપતો હતો. જેની કીર્ત્તિ સર્વ સ્થળે પ્રસરેલી છે અને જેની બુદ્ધિ કીર્ત્તિદાન કરવામાં ઉલ્લાસ પામતી છે એવો તે રત્નપાળ પ્રતિદિવસ યાચકોને બે લાખ સુવર્ણ આપતો હતો. ધર્મથી અતુલ ઐશ્વર્યને પ્રાપ્ત કરનારો અને હૃદયમાં ધર્મપર શ્રદ્ધા રાખનારો તે મહારાજા હમેશાં સાત ક્ષેત્રોમાં ત્રીશ લાખ સુવર્ણ ખર્ચતો હતો. પોતાના અંતઃપુરના અને પોતાની જાતના ભોગને માટે રાખેલા અધિકારી સેવકોમાં અને હાથી ઘોડા વગેરેમાં તેને હંમેશા આડત્રીશ લાખ સુવર્ણનો ખર્ચ હતો. આવી રીતે તેને પ્રતિદિન કોટિ સુવર્ણનો ખર્ચ લાગતો હતો, તે ખર્ચ પેલા દિવ્યરસથી સુખે સંપાદન થતો હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**એક જુગારીની અદ્ભુત કથા. દેવસેના અને ગંધર્વસેના નામની બે કન્યાઓની પ્રાપ્તિ.**

કોઇએ આવી કહ્યું કે, " કોઇ એક જુગારી આ નગરમાં રહેતો હતો. તે એટલો હંમેશા એક લાખ પ્રમાણ સુવર્ણ જીતી જતો અને હારી જતો હતો. હંમેશા જ્યારે સાંજ પડે ત્યારે એક લાખ પ્રમાણ સુવર્ણનો ત્રીજો ભાગ અવશેષ રહેતો હતો. પછી તેટલા સુવર્ણના મૂલ્યથી ઘઉંના પુડલા રંધાવતો પછી તે સાથે લઈ કોઇ ચંડી દેવીના મંદિરમાં જતો અને ત્યાં ચંડી-દેવી ઉપર પોતાના બે પગ મુકી તે પુડલાને દીવાના તેલ સાથે મેળવી ખાતો હતો. આથી તે ચંડી દેવી ચિંતવવા લાગી કે, "જો કોઇ માણસ અહિં આવી જોશે તો મારૂં સર્વત્ર પ્રખ્યાત એવું માહાત્મ્ય તેના જાણવામાં આવી જશે." આવી ચિંતાથી ખેદ પામતી ચંડી કોઇપણ રીતે તે જુગારીને દૂર કરવા ઇચ્છતી હતી. પેલો જુગારી એવી રીતે પુડલા હંમેશા ખાઇ જતો હતો. એક વખતે તેને બ્હીવરાવવા માટે ચંડી-દેવીએ પોતાના મુખમાંથી જીભ બાહેર કાઢી ત્યારે તે જુગારી આ પ્રમાણે બોલ્યો-" હે ચંડી, તું પણ આ ઘઉંના પુડલા ખા." એમ કહી તેણે ચંડીની જીભ ઉપર તે પુડલા મુકયા એટલે તે ચંડી આશાવડે તે ખાઇ ગઇ. જ્યારે તે લાંબી જીભ વારંવાર કાઢવા લાગી ત્યારે, "હે ચંડી, હે રંડે, તું વારંવાર આ લાંબી જીભ કાઢે છે, તો તું ખાવામાં લુબ્ધ થઇ ગઇ છે." આ પ્રમાણે કહી તે જુગારી તેણીની જીભ ઉપર થુંક્યો. તેના થુંકવાથી ઉચ્છિષ્ટ થયેલી જીભ પાછી મુખમાં શી રીતે લેવી' એવા વિચારથી ચંડીએ ખિન્ન હૃદયે તે એમની એમ જીભ બાહેર રાખી. પ્રાતઃકાળે દર્શન કરવા આવેલા લોકો ભયંકર મુખવાળી તે ચંડીને જોઇ પરસ્પર કહેવા લાગ્યા કે, " આ કોઇ ઉત્પાત થયો અને આથી કાંઇ પણ અનર્થ થશે." આથી લોકોએ તે ઉત્પાતની શાંતિને માટે શાંતિક વગેરે કરાવ્યા, પણ દેવીએ ઉચ્છિષ્ટ થયેલી જીંહ્વા મુખમાં લીધી નહીં. પછી લોકોએ નગરમાં જાહેર ઘોષણા કરાવી કે, " જે કોઇ આ ઉત્પાતને શમાવે તેને સો સુવર્ણ આપવામાં આવશે." પેલો ધૂર્ત્ત જુગારી કે જે એ ઉત્પાત પોતાનો કરેલો છે, એમ જાણતો હતો, તેથી તેણે એ કામ કરવા પટહનો સ્પર્શ કર્યો. અને સો સુવર્ણ દ્રવ્ય ગ્રહણ કર્યું. પછી તે ધૂર્ત્ત જુગારી એકાંત કરી ચંડીના મંદિરમાં પેઠો અને એક મોટો પથરો લઇ ઉગામી આ પ્રમાણે નિષ્ઠુરતાથી બોલ્યો-" અરે રંડે ચંડી, આ તારી જીભ મુખમાં લઇ જા. નહી તો આ પત્થરથી તારૂં મુખ ભાંગી નાંખીશ." તેના આ વચનો સાંભળી ચંડીએ વિચાર્યું કે, " પાપકર્મ કરતાં આ દુરાત્મા અટકશે નહીં. જો તે પત્થરનો ઘા કરશે તો મને હાનિ થશે અને લોકોમાં મારૂં ઉપહાસ્ય થશે," આવા ભયથી તે નિઃશૂક અને દુરાચારી ઉપર કાંઇ અનર્થ કરવાને અસમર્થ એવી ચંડીએ બીજો રસ્તો ન સૂઝવાથી પોતાની જીભ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાછી મુખમાં લઇ લીધી. આ ઉત્પાત શાંત થવાથી સર્વ નગરજનો ખુશી થઇ ગયા. અને પેલો ધૂર્ત્ત જુગારી તે બધું લીધેલું દ્રવ્ય તેજ દિવસે હારી ગયો. કહેવત છે કે, " ઘેલીને માથે બેડું, જુગારીના હાથમાં ધન અને વાનરના ગળામાં હાર કેટલીકવાર રહેવાના છે. "

તે પછી તે જુગારી પાછો ઘઉંના પુડલા ફરી ચંડીની પાસે નિઃશંક થઇ ખાવા લાગ્યો. એક વખતે તે ધૂર્ત્તને કાંઇ પણ કરવા અસમર્થ એવી ચંડી એવા દુર્વિનયથી કંટાળી ગઇ હતી તેથી જ્યારે રાત્રે તે ધૂર્ત્ત આવ્યો એટલે ચંડીએ પોતાના મંદિરમાંથી પોતાની મેળે દીવાને ચલાવ્યો દીવાને ચાલતો જોઇ જુગારી બોલ્યો " અરે દીપક, તું કયાં જાય છે? " એમ બોલતો તે દીવાની પાછળ ચાલ્યો. દેવીની માયાથી દીપકે આ પ્રમાણે કહ્યું, " અરે જુગારી, તું હવેથી લુખાં પુડલા ખાજે. હવે હું તને જરા પણ તેલ નહીં આપું અને હું સમુદ્રના તીર ઉપર જાઉં છું. તું મારી પાછળ કેમ આવે છે શામાટે પાછો વળતો નથી? જુગારીએ કહ્યું, " હું તારામાંથી તેલ લઇશ. અને તું જ્યાં જઇશ ત્યાં પાછળ આવીશ " એમ કહી તે દીવાની પાછળ ચાલ્યો. આગળ દીવો અને પાછળ જુગારી—એમ બંને ઉતાવળા ઉતાવળા ચાલ્યા તેવામાં સૂર્યોદય થયો. બંને કોઇ દૂરના જંગલમાં આવ્યા ત્યાં તેને છેતરી, રખડાવી તે દીવો અદ્રશ્ય થઇ ગયો. આ પ્રમાણે સર્પની જેમ શત્રુ દૂર નાંખી દીધો, એમ જાણી ચંડી હર્ષ પામી. અહિં ધૂર્ત્ત જુગારીએ જંગલમાં ભટકતા કહ્યું કે, ' મને દેવીએ છેતર્યો ' પછી તે ખિન્ન હૃદયે વનમાં ભમવા લાગ્યો. તેવામાં એક જ્વાલાયમાન અગ્નિનો કુંડ તેના જોવામાં આવ્યો તે કુંડની પાસે સૌભાગ્યથી અપસરાઓને પણ જીતનારી અને નવીન યૌવનથી ઉલ્લાસ પામતી બે કન્યાઓ અને એક પાંગળો પુરૂષ તેના જોવામાં આવ્યા. " તમે કોણ છો ? અને અહિં કેમ આવ્યા છો? " એમ જુગારીએ પુછયું, તો પણ તેઓ કાંઇપણ બોલ્યા નહીં. પછી તે હાલ પાછો વળી શહેરમાં આવ્યો છે. "

આ પ્રમાણે અદ્ભુત કથા સાંભળી રાજા રત્નપાળ ખુશી થઇ ગયો અને તેણે તે કથાકારને તત્કાળ દશ લાખ સુવર્ણનું ઇનામ આપ્યું. આ કથા સાંભળી રાજા રત્નપાળને કૌતુક ઉત્પન્ન થયું પછી તત્કાળ તે રાજા તેને લઇ તે જંગલને સ્થળે ગયો ત્યાં જઇ તેણે પુછયું કે, " તમે બંને કન્યાઓ કોણ છો ? આ અગ્નિનો કુંડ શું છે? અને આ પાંગળો પુરૂષ કોણ છે ? હું રત્નપાળ રાજા છું, તેથી વિશ્વાસ લાવી મને તમારો સર્વ વૃત્તાંત કહો. " રાજાના પુછવાથી તેમાંથી એક કન્યા બોલી " રાજા, અમો બંને ગંધર્વોના રાજા વિશ્વાવસુની પુત્રીઓ છીએ. અમારા નામ **દેવસેના** અને **ગંધર્વસેના** છે. અમો અનુક્રમે લાવણ્યના અંકુરને પ્રગટાવવામાં મેઘના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેવા યૌવન વયને પ્રાપ્ત થયા છીએ. એક વખતે કોઇ દૈવજ્ઞ--જોષીએ અમારા પિતાને કહ્યું કે, મંત્ર સહિત ઘીની આહૂતિ વગેરેથી જેની જ્વાળા અતિ પ્રદીપ્ત થયેલી છે, મંત્ર, તંત્ર તથા ઔષધીના બળથી જેને કોઇ પણ અટકાવી શકે નહીં અને જે યમરાજના મુખના જેવો ભયંકર છે, એવા દિવ્ય અગ્નિમાં જે કોઇ પરાક્રમી ઉત્તમ પુરૂષ સ્નાન કરશે. તે તમારી આ બંને પુત્રીઓનો સ્વામી થશે તેમજ તે પુરૂષ બીજાઓથી અજેય અને આ ભરતાર્દ્ધનો અધિપતિ થશે." તે દૈવજ્ઞની વાણીની પ્રેરણાથી અમારા પિતાએ અમો બંનેને અહિં મોકલી છે અને તેમણે તેવા પરાક્રમી પુરૂષને જાણવા માટે પોતાની વિદ્યાથી આ અગ્નિકુંડ બનાવ્યો છે, જે આ અગ્નિકુંડ હીન સત્વવાળા પુરૂષોથી જોઇ શકાય તેવો પણ નથી. આ પુરૂષ કોઇ વિદ્યાધર છે તેણે અમોને મેળવવાના લોભથી આ કુંડમાં ઝંપાપાત કરવા તૈયાર થયો પણ તેના મનમાં શંકા આવવાથી દેવીએ તેને પાંગળો બનાવી દીધો છે. હવે નિરાશ અને નિરૂત્સાહ થઇ આ વિદ્યાધર પોતાને સ્થાને ચાલ્યો જશે. કારણ સત્વ-વિના સિદ્ધિ થતી નથી. સર્વ વાત સત્વમાંજ રહેલી છે."

તે કન્યાના મુખથી આ વૃત્તાંત સાંભળી તે સત્વવાન્ રત્નપાળ રાજાએ તત્કાળ તે અગ્નિકુંડમાં ઝંપાપાત કર્યો. તત્કાળ તેના સત્વને લઇને તે અગ્નિકુંડ અમૃતમય બની ગયો. તે કુંડમાં સ્નાન કરવાથી રાજા રત્નપાળનું શરીર તત્કાળ વજ્રમય બની ગયું. આ અરસામાં તે વૃત્તાંત જાણવાથી **વિશ્વાવસુ** વિદ્યાધર ત્યાં આવી પોહોંચ્યો અને તત્કાળ તેણે હર્ષથી મોટા ઉત્સવો સાથે તે પોતાની બે પુત્રીઓનું પાણીગ્રહણ રત્નપાળની સાથે કરાવ્યું. બે પત્નીઓની પ્રાપ્તિથી ખુશી થયેલો રત્નપાળ પછી પોતાના નગરમાં આવ્યો, અને તેણે પેલા જુગારીને વીશ લાખ સુવર્ણ દ્રવ્ય આપ્યું. પૂર્વે અન્યાયથી મેળવેલું દ્રવ્ય તે જુગારીને આવતું અને ચાલ્યું જતું, અને તેથી તે ક્ષણમાં પૂર્ણ અને ક્ષણમાં ખાલી થઇ જતો, પણ જ્યારે ન્યાયમાર્ગે રાજા રત્નપાળ તરફથી તેને વીશ લાખ સુવર્ણનું દ્રવ્ય પ્રાપ્ત થયું, ત્યારથી તેની સમૃદ્ધિ પ્રતિદિન વધવા લાગી. ન્યાયોપાર્જિત દ્રવ્યનું ફલ આવી રીતે સ્પષ્ટ દેખાઇ આવે છે.

ઉત્તમ ચરિત્રવાળા તે રત્નપાળ રાજાના પરિચયથી પ્રાપ્ત કરેલા ઉપદેશવડે તે ધૂર્ત્ત જુગરી છેવટે દુર્વ્યસનના માર્ગમાંથી તદન નિવૃત્ત થઇ ગયો હતો. અપૂર્ણ.

# ज्ञान संवाद.

( અનુસંધાન ગતાંક પા-૧૪૭ થી શરૂ.)

મતિજ્ઞાનના આ વચનો સાંભળી **શ્રુતજ્ઞાન** ચિરકાળ વિચાર કરીને બોલ્યું-"ભદ્ર તારી સત્તા અને શક્તિ જોતાં તારામાં કેટલીએક યોગ્યતા જણાય છે, પરંતુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ પ્રસંગે મારી પણ શક્તિ કેટલી છે? એ પણ તારે જાણવું જોઇએ. તારા હૃદયમાં જે ઇચ્છા ઉત્પન્ન થઇ છે, તેવી ઇચ્છા મારા હૃદયમાં પણ ઉત્પન્ન થઇ છે. આ સર્વ મિત્રોની વચ્ચે મને પણ ઉચ્ચ આસન ઉપર બેસવાની ઇચ્છા ઉત્પન્ન થાય છે. સ્વજનના મંડળમાં સન્માન લેવું કોને ન ગમે?"

મતિજ્ઞાને આક્ષેપ કરીને કહ્યું, "મિત્ર, આશા રાખવાનો સર્વને હક છે. જો તારા હૃદયમાં ઉચ્ચ આસન લેવાની ઇચ્છા પ્રગટ થઇ હોય તો હું ખુશી છું, તેમજ આ આપણાં બધા મિત્રો પણ ખુશી હશે, તથાપિ તારામાં શી શકિત છે? અને તારી કેટલી સત્તા છે? એ વાત આ સર્વ મિત્રોની સમક્ષ થવી જોઇએ. મારે ખુલ્લા દિલથી કહેવું જોઇએ કે, તારી શક્તિ અને સત્તા મારાથી ચડીઆતી નહીં હોય; કારણ કે, તારી ઉત્પત્તિ મારાથીજ થાય છે.

મતિજ્ઞાનના આ વચન સાંભળી શ્રુતજ્ઞાને આવેશ લાવીને જણાવ્યું, 'ભદ્ર, તું ગમે તે કહે પરંતુ મારી શકિત અને સત્તા તારાથી વધી જાય છે, વૃક્ષના કરતાં તેના ફલ મધુરબને છે તેથી લોકો વૃક્ષના કરતાં ફલની વિશેષ ચાહના રાખે છે, તેથી હું આશા રાખું છું કે, તમે બધાઓ મને ઉચ્ચ આસન ઉપર રહેલો જોઇ ખુશી થશો. હું **શ્રુતજ્ઞાન** જૈનાગમમાં પ્રખ્યાત છું. **આપ્તવચન, આગમ, ઉપદેશ, ઐતિહ્ય, આમ્નાય, પ્રવચન અને જિનવચન** એવા મારા પર્યાય નામ છે. ૧ **અંગબાહ્ય અને ૨ અંગપ્રવિષ્ટ** એવા મારા મુખ્ય બે પ્રકાર છે. તેમાં જે મારો અંગબાહ્ય પ્રકાર છે, તેના અનેક ભેદ છે અને બીજા અંગપ્રવિષ્ટ પ્રકારના બાર ભેદ છે. અંગબાહ્ય પ્રકારની અંદર ક્રિયા અને આગમનો મોટો ભાગ આવી જાય છે. સામાયિક, ચતુર્વિશતિ સ્તવ, સ્તોત્રવંદન. પ્રતિક્રમણ, કાર્યોત્સર્ગ, પ્રત્યાખ્યાન, દશવૈકાલિક, ઉત્તરાધ્યયન, દશાશ્રુત, કલ્પ, વ્યવહાર, અને નિશીથ ઇત્યાદિ અનેક પ્રકારના અંગો મારા **અંગબાહ્ય** ભેદમાં આવી છે. ભદ્ર, આ પ્રકારથી આ વિશ્વ ઉપર મારો મોટો વિસ્તાર છે. અને તેથી મારૂં ઉત્તમ માહાત્મ્ય લોકોમાં વખણાય છે. ભદ્ર, મારા અંગપ્રવિષ્ટ ભેદના જે બાર પ્રકાર છે, તે આર્હત ધર્મમાં દ્વાદશાંગી રૂપે પ્રખ્યાત છે. તેમના ૧ **આચારાંગ, ૨ સૂત્રકૃતાંગ, ૩ સ્થાનાંગ ૪ સમવાયાંગ ૫ વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ ૬ જ્ઞાતૃધર્મકથા ૭ ઊપાસકાધ્યયન દશા ૮ અંતકૃતદશાં, ૯ અનુત્તરદશા, ૧૦ પ્રશ્નવ્યાકરણ, ૧૧ વિપાક સૂત્ર** અને **૧૨ દ્રષ્ટિવાદ** એવા નામ છે. આ દ્વાદશાંગીમાં આર્હત ધર્મનું સત્ય રહસ્ય ઉત્તમ પ્રકારે રહેલું છે. મારા આ સ્વરૂપ ઉપરથી આપ સર્વને ખાત્રી થશે કે, હું આપના પવિત્ર મંડળ વચ્ચે ઉચ્ચ આસનપર આરૂઢ થવાને યોગ્ય છું. વળી આપ સર્વ વિચારશો તો જણાશે કે, આપણા બધા જ્ઞાનોનો આધાર શ્રુતજ્ઞાન ઉપર રહેલો છે. મારા જ્ઞાનથીજ સર્વે જ્ઞાનના દ્વાર ઉઘડે છે. "

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રુતજ્ઞાનના આ વચનો સાંભળી અવધિજ્ઞાને ઉત્સાહ લાવીને આ પ્રમાણે પ્રશ્ન કર્યો મિત્રો, આ શ્રુતજ્ઞાન પોતાની ઉત્કૃષ્ટતા સિદ્ધ કરવા પ્રયત્ન કરે છે, પણ, તેની અંદર કેટલીએક શંકાઓ ઉસન્ન થાય છે. જો આપ સર્વની ઈચ્છા હોય તો હું નિવેદન કરૂં ? "

અવધિજ્ઞાનના આ વચનો સાંભળી મતિજ્ઞાને કહ્યું, "મિત્ર, તમારા હૃદયમાં જે શંકાઓ હોય તે ખુશીથી પ્રગટ કરો. મને લાગે છે કે, આ સર્વ મિત્રોની તેમાં સંમતિજ છે." અવધિજ્ઞાને કહ્યું, "આપણા મિત્ર શ્રુતજ્ઞાને પોતાનું સ્વરૂપ બતાવ્યું, તે ઉપરથી મને શંકા ઉપજે છે કે, આ મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનમાં મોટો તફાવત લાગતો નથી.તેઓ બન્ને સરખા દરજ્જાનાજ લાગે છે;જો તેમની અંદર કાંઇપણ ફેર હોય તો આપણામાંથી કોઇ વિદ્વાન્ મિત્ર તે બતાવી આપશે? તો હું તેમનો આભાર માનીશ."

અવધિજ્ઞાનની આ વાણી સાંભળી મતિજ્ઞાન આનંદના આવેશમાં આવી ગયું અને તેણે ઉત્સાહથી જણાવ્યું, " ભદ્ર અવધિજ્ઞાન, તારા આ વચનોએ મને દ્વિગુણ ઉત્સાહ આપ્યો છે. આ શ્રુતજ્ઞાનનો આધાર મારી ઉપરજ છે. અને મારા ઉદયથીજ તેનો ઉદય છે, તેથી તેના કરતા ઉચ્ચ આસન ઉપર આરૂઢ થવાનો મારો વિશેષ અધિકાર છે.

મતિજ્ઞાનના આવા વચનો સાંભળી શ્રુત જ્ઞાન વિચારમાં પડી ગયું. તેના મુખ ઉપર જરા ગ્લાનિ દેખાવા લાગી. તેણે તત્કાળ મનઃપર્યાય જ્ઞાનની સામે જોયું એટલે તેના હૃદયમાં દયા ઉત્પન્ન થઈ આવી. તેણે શ્રુતજ્ઞાનનો બચાવ કરવા આ પ્રમાણે કહ્યું, "ભદ્ર' અવધિજ્ઞાન, તારા કહેવા પ્રમાણે મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન એક નથી. તે બંનેની વચ્ચે કેટલોએક તફાવત છે.જે ઉત્પન્ન થઇ નષ્ટ થયેલ ન હોય; તેવા પદાર્થનું વર્તમાનકાળે ગ્રાહક થનારૂં મતિજ્ઞાન છે અને શ્રુતજ્ઞાન તો ત્રિકાળ વિષયક છે; એટલે જે પદાર્થ ઉત્પન્ન થયેલ છે. અથવા ઉત્પન્ન થઇ નષ્ટ થઇ ગયેલ છે, અથવા ઉત્પન્ન થયેલજ નથી, પરંતુ ભવિષ્યમાં ઉત્પન્ન થનાર છે અથવા નિત્ય છે, તે સર્વ પદાર્થનું ગ્રાહક શ્રુત જ્ઞાન છે. ભદ્ર આ ઉપરથી મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનની વચ્ચેનો તફાવત દેખાઇ આવે છે."

આ વખતે અવધિજ્ઞાને બીજી શંકા ઉઠાવી કહ્યું, "ભદ્ર મનઃપર્યાય જ્ઞાન, મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનની વચ્ચે તમોએ જે ભેદ બતાવ્યો તે બરાબર છે અને હું તેને સર્વ રીતે માન્ય કરૂં છું, પરંતુ અહીં એક બીજી શંકા ઉત્પન્ન થાય છે કે, શ્રુતજ્ઞાન બે ભેદવાળું, અનેક ભેદવાળું તેમજ બાર ભેદવાળું ગણાય છે. તેનામાં એવી વિશેષતા શા કારણે હોવી જોઇએ? અને એ પરસ્પર ભેદ કોના કરેલા હશે? મને આશા છે કે, તમે આ મારી શંકા દૂર કરશો." મનઃપર્યાયજ્ઞાન આનંદ દર્શાવતું બોલ્યું:—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



"મિત્ર એ તમારી શંકાના સમાધાનમાં એટલુંજ કહેવાનું કે, પ્રથમ જે અંગ બાહ્ય અને અંગ પ્રવિષ્ટ એવા બે ભેદ છે, તે વકતાના ભેદથી માનવામાં આવેલ છે; સર્વજ્ઞ, સર્વદર્શી, અને પરમ ઋષિસ્વરૂપ ભગવાન્ અર્હંતોએ પોતાના પરમ શુભ, તથા પ્રવચન પ્રતિષ્ટાપન અને ફલ દાયક એવા તીર્થંકર નામ કર્મના પ્રભાવથી અને તાદૃશ સ્વભાવ હોવાના કારણથી જે કહેલ છે, અને અતિશય યુક્ત અને ઉત્તમ એવી વિશેષ વાણી તથા બુદ્ધિ જ્ઞાન આદિથી સંપન્ન એવા ભગવંતના શિષ્ય ગણધરોએ જે કાંઇ કહેલ છે, તે શ્રુતજ્ઞાનનો **અંગ પ્રવિષ્ટ** ભેદ કહેવાય છે તે ગણધરોની પછી થનારા, અત્યંત શુદ્ધ આગમોના જ્ઞાતા, પરમોત્તમ વાગ્બુદ્ધિ આદિની શક્તિથી સંપન્ન એવા આચાર્યોએ કાલ, સંહનન, તથા અલ્પ આયુ આદિના દોષોથી અલ્પશક્તિવાળા શિષ્યો ઉપર અનુગ્રહ કરવા અર્થે જે ગ્રંથો નિર્માણ કરેલા છે, તે **અંગ બાહ્ય** કહેવાય છે. મિત્ર અવધિજ્ઞાન, મારે કહેવું જોઇએ કે, સર્વજ્ઞના રચેલ હોવાના કારણે તથા જ્ઞેય વસ્તુ અનંત હોવાને લીધે મતિજ્ઞાનની અપેક્ષાએ શ્રુતજ્ઞાન મહાન્ વિષયોથી યુક્ત હોઇ ચડીયાતું છે. વળી તે મહા વિષય હોવાના કારણે જીવાદિ પદાર્થોના અધિકારે કરી પ્રકરણોની સમાપ્તિની અપેક્ષાથી સંયુક્ત અંગ તથા ઉપાંગના અનેક ભેદ થઇ શકે છે. તેમજ સુખપૂર્વક ગ્રહણ, ધારણા તથા વિજ્ઞાનના નિશ્ચય પ્રયોગ અર્થે પણ શ્રુતજ્ઞાનના અનેક ભેદ થાયછે, અનેજો એમ ન હોય અર્થાત્ પ્રત્યેક વિષય પોતપોતાના પ્રકરણોમાં નિબદ્ધ ન હોય તો સમુદ્ર તરવાની પેઠે તે તે પદાર્થોનું જ્ઞાન દુઃસાધ્ય થઇ જાય. મિત્ર અવધિજ્ઞાન, જો આ વાત લક્ષમાં લેશો અને તેનું સૂક્ષ્મતાથી મનન કરશો તો તમને જણાશે કે, શ્રુતજ્ઞાનની મહત્તા ઘણી છે. વળી જે સુખ પૂર્વક ગ્રહણ આદિ રૂપ અંગ તથા ઉપાંગના ભેદ, સ્વરૂપ અને પ્રયોજનથી પૂર્વકાલિક વસ્તુ, પ્રાપ્તવ્ય એવા જીવાદિ દ્રવ્ય, જીવાદિ દ્વારા જ્ઞેય એવા વિદ્યા આદિકના અધ્યયન અને એના ઉપદેશનું પણ નિરૂપણ થઇ ગયું સમજવું. એટલે જ્ઞેય વસ્તુની સુગમતા માટેજ જીવથી જ્ઞેય એવું જીવન સંબંધી જ્ઞાન તથા જીવથી બોધ્ય એવું અચેતન પદાર્થોનું જ્ઞાન વિગેરે નાના ભેદનું વર્ણન શ્રુતજ્ઞાન વડે જ કરવામાં આવેલ છે, આથી કરી આપણા પરમ પ્રિય મિત્ર શ્રુત જ્ઞાનને આપણે વિશેષ અભિનંદન આપવું જોઇએ."

મનઃ પર્યાય જ્ઞાનના આ વચનોએ શ્રુતજ્ઞાનને વિશેષ ઉત્સાહિત બનાવી દીધું. તેના મુખ ઉપર પ્રસન્નતાના અંકુરો પ્રસરી ગયા તત્કાળ તેણે પોતાના ઉત્કર્ષ આપનારા મનઃપર્યાય જ્ઞાનનો આભાર માન્યો.

આ સમયે અવધિજ્ઞાન શ્રુતજ્ઞાનના ઉત્કર્ષને ન્યૂન કરવાને નમ્રતાથી બોલ્યું મિત્ર મનઃપર્યાય જ્ઞાન, તમારી વાણીએ આપણા મિત્ર શ્રુતજ્ઞાનને અભિનંદન આપી ઉત્સાહિત કરેલ છે, પણ મારા મિત્ર મતિજ્ઞાનને ઉત્સાહિત કરવાને મારા હૃદયમાં એક બીજી શંકા ઉદિત થઇ છે, તે કૃપા કરી સાંભળશો. "સાંપૂર્ણ દ્ર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વ્યોના કેટલાએક પર્યાય મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન બંનેના વિષય રૂપ છે. એથી તે બંનેની એકતા થઇ જાય છે. તોપછી મતિજ્ઞાનના કરતાં શ્રુતજ્ઞાનનો ઉત્કર્ષ શી રીતે કહેવાય? આશા છે કે, મારી આ શંકા કોઇ પણ રીતે સમાધાન મેળવી શકશે નહીં"

મનઃપર્યાયજ્ઞાને સોત્સાહિત થઇને કહ્યું, "ભદ્ર, આ તમારી શંકા ક્ષણવાર પણ ટકી શકે તેમ નથી, એ વિષે તો મેં પ્રથમથીજ કહેલું છે કે, મતિજ્ઞાન તો વર્તમાન કાલ વિષયક છે અને શ્રુતજ્ઞાન ત્રિકાળ વિષયક છે. વળી શ્રુતજ્ઞાન અતિ વિશુદ્ધ અને મહા વિષયયુક્ત છે. ત્રણે કાળના પદાર્થોનેજણાવનારૂં શ્રુતજ્ઞાન વર્તમાન કાળના પદાર્થોને જણાવનારા મતિજ્ઞાનથી ચડીયાતું હોય, તેમાં શું આશ્ચર્ય છે? તે સિવાય શ્રુત જ્ઞાનના ઉત્કર્ષને માટે એક બીજી વાત એ છે કે, મતિજ્ઞાન ઇંદ્રિય અને અનિંદ્રિય (મન)ને નિમિત્ત માની આત્માના જ્ઞ સ્વભાવ (જાણવાના સ્વભાવ)થી ઉત્પન્ન થાય છે. તેથી તે પારિણામિક છે અને શ્રુતજ્ઞાન તો મતિજ્ઞાન પૂર્વક થાય છે પણ તે આપ્તના ઉપદેશથી ઉત્પન્ન થાય છે. આ કારણથી તે બંનેમાં ભેદ છે. અને તેથીજ મતિજ્ઞાન કરતાં તેનો અધિકાર ચડીઆતો છે."

મનઃ પર્યાય જ્ઞાનના આ વચનો સાંભળી મતિજ્ઞાન ગ્લાનવદન થઇ ગયું. જેના મુખ ઉપર પ્રસન્નતાના ચિન્હો દેખાય છે, એવું શ્રુતજ્ઞાન આનંદ પૂર્વક બોલી ઊઠયું—મિત્ર, મનઃપર્યાય જ્ઞાન, હું તમારો મોટો આભાર માનું છું. હવે આપ સર્વ મિત્રોને ખાત્રી થઇ હશે કે, આ ઊચ્ચ આસન ઊપર બેશવાને મને પૂર્ણ અધિકાર પ્રાપ્ત થયો છે. મને તે ઊચ્ચાસન ઊપર બેઠેલો જોઈ આપ સર્વ આનંદિત થયા વિના રહેશો નહીં.

શ્રુતજ્ઞાનના આ શબ્દો સાંભળી અવધિજ્ઞાનના હૃદયમાં સ્પર્ધાએ પ્રવેશ કર્યો તેના સ્પર્ધાવાળાં હૃદયમાં ઊચ્ચ આસન ઊપર બેશવાની ઇચ્છા થઇ આવી. તત્કાળ તેણે નમ્રતાથી નીચે પ્રમાણે જણાવ્યું.

મિત્રો, જયારે મિત્ર મતિજ્ઞાન અને મિત્ર શ્રુતજ્ઞાન આ ઉચ્ચ આસન ઉપર બેશવાના અભિલાષી છે, તો પછી આ તમારો પ્રિય મિત્ર અવધિજ્ઞાન તેનો અભિલાષી શા માટે ન થાય? હું આશા રાખું છું કે, તમે મારા સર્વ મિત્રો મારા ઉદયથી ખુશી થયા વગર નહીં રહો." અવધિજ્ઞાનના આ વચનો સાંભળી મનઃ પર્યાયજ્ઞાને નમ્રતાથી જણાવ્યું, "ભદ્ર, તારો ઊત્કર્ષ જોવાની સર્વની ઇચ્છા છે, પરંતુ પ્રથમ તમારી સત્તા અને શકિત શી છે? તે જાણવાને સર્વ આતુર છે. માટે તું તારા સ્વરૂપનો વૃત્તાંત નિવેદન કર્ય; જેથી અમો સર્વની જિજ્ઞાસા પૂર્ણ થાય."

અપૂર્ણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# अनाथ विधवाओनो उद्धार शी रीते थइ शके?

## સ્વધર્મિ બન્ધુઓ પ્રત્યે વિનંતી—

અનાથ થનાર વિધવાઓ તેમનો વિધવાધર્મ ઉત્તમ રીતે પાળી શકે, તેવા ધાર્મિક હૃદયવાળી બનાવવા, અને તેઓનું ભાવી જીવન સુધારવા, તથા તેઓ જન-સમાજને ઉપયોગી થઈ પડે તેવી જ્ઞાની બનાવવા, આપણી જૈન કોમમાં ખાસ ગોઠવણ કરવાની જરૂર છે.

જે સ્ત્રી દુર્ભાગ્યવશ થઈ વિધવાપણું પામી હોય તેઓ પોતાના મનને નિર્વિકારી બનાવી શકે તથા તેમના હૃદયમાં ધર્મના દૃઢ સંસ્કારનું સ્થાન થાય તથા જેમને પોષણની જરૂર હોય તેમને આશ્રય મળે એટલા માટે આશ્રમ સ્થાપવા જોઇએ.

વળી આપણી જ્ઞાતિમાં ઘણાં ખાતાઓ ચાલે છે પણ અનાથ વિધવા માટે કોમમાં કોઇ એવું સ્થળ નથી કે જેમાં નિર્ભયથી રહીને શાન્તિથી જ્ઞાન ધ્યાન કરી શકે. જેમ છોકરાઓ માટે બૉર્ડીંગો, કોલેજો, અને પાઠશાળાઓ સ્થળે, સ્થળે છે જેમાં બહાર ગામના છોકરાઓ આવી ભાગ લઇ શકે છે ને તેમનું ભાવીજીવન સુધારે છે તેવીજ રીતે કમનશીબ બનનાર વિધવાઓ માટે પણ ગોઠવણ થવી જરૂરની છે. જો કોઇ સ્થળે આશ્રમ સ્થાપવામાં આવે અને તેમાં બહાર ગામની વિધવાઓકે જેમનો સંસાર સ્વાર્થ બગડયો છે ને સંસારી કાર્યોને માટે નિરૂપયોગી છે તેઓને આશ્રય આપી કર્ત્તવ્ય પરાયણ બનાવવામાં આવેતો જૈન કોમમાં જે સ્ત્રી શિક્ષકોની જરૂર છે ને હાલ, દરેક ઠેકાણે તેમની માગણી થાય છે તે ખામી દૂર થાય. દરેક પાઠશાળાઓમાં જૈન સ્ત્રી શિક્ષકોની માગણી કરે છે ખરા પણ ભાઇઓ ? જ્યાં સુધી તેવા પ્રકારનું જ્ઞાન આપી શિક્ષકો તૈયાર નહિં કરવામાં આવે ત્યાં સુધી તે ખામી દુર થવાની નથી, બાળ લગ્ન, અને વૃદ્ધ વિવાહના ક્રૂર પ્રસારે કરી આજકાલ જયાં ત્યાં વિધવાઓની સંખ્યા વધુ જોવામાં આવે છે તે બ્હેનોની દુઃખદ સ્થિતિ સામે વિચાર દૃષ્ટિને ફેરવો તો તમોને ખરૂં સમજાશે, બાર અથવા પન્નર વર્ષની છોકરી વિધવા થઇ એવું જાણી કોનું અન્તઃકરણ આર્દ્ર નહિ થાય વારૂ? આ લાગણી દરેકને થોડી યા વધારે અનુભવ સિદ્ધ છે હવે તે તમારા અન્તઃકરણની દયાની લાગણીને પ્રકાશમાં લાવીને તેવી અબળાઓને ઉદ્યમે લગાડો.

હિંદુ સ્ત્રીઓ તેમાં પણ આપણી જૈન સ્ત્રી સમાજ તો સંસાર વ્યવહારમાં તેમજ ધર્મના કાર્યોમાં પોતાની ફરજ શું છે તે તથા દેવ, ગુરૂ, અને ધર્મનું સ્વરૂપ શું છે તેવું સમજનાર પણ મ્હારી બેનો ગણતરીમાં ઓછી સંખ્યાએ નીકળશે.

વળી સ્ત્રીકેળવણી માટે વિદ્વાન વર્ગ ઘણો પોકાર કરી રહેલા છે પણ જયાંસુધી યોગ્ય શિક્ષકોની ખામી હશે ત્યાંસુધી તમો સ્ત્રી કેળવણીના ખાતાઓમાં ફાવી શકવાના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી. આશ્રમમાં શિક્ષકો તૈયાર કરી તેમને બીજી પાઠશાળામાં દાખલ કરવામાં આવે તો હું ખાત્રી પૂર્વક કહું છું કે પુરૂષ માસ્તર વિદ્વાન છતાં સ્ત્રીઓ વચ્ચે જે કામ નહિ કરી શકે તે કામ એક સામાન્ય જ્ઞાન મેળવનાર લાયક સ્ત્રી શિક્ષકથી બની શકશે. કારણ એજ કે પુરૂષ સ્ત્રીથી વિજાતિ ગણાય છે.

આપણી કોમમાં હાલ ઘણી પાઠશાળાઓ ઠેકાણે ઠેકાણે ચાલે છે તેમજ મુની મહારાજોના ઉપદેશથી નવી પણ સ્થપાય છે પણ કોઇ સ્થળે વિધવાઓ માટે સંસ્થા સ્થાપી નથી. દરેક કોમમાં હવે વિધવાઓની દુઃખદ્ સ્થિતિ તરફ દૃષ્ટિઓ ફેંકાવા માંડી છે અને તેવા પ્રકારના ખાતાઓ ખોલવા હીલચાલ થઇ રહી છે તેમજ સૂરતમાં પણ "વનિતા વિશ્રામ" નામે સાર્વજનીક ખાતું ચાલે છે ને તેમાં દરેક કોમની વિધવાઓને આશ્રય મળે છે. આ ખાતામાં વ્યવહારિક, ઉદ્યોગી, અને નૈતિક, કામ બધાંએ સાથે રહીને કરવાની ગોઠવણ છે, અને ધાર્મિક વિષયમાં વિરોધ નથી. પોતપોતાનો સ્વધર્મ હોય તેજ પાળે અને તેજ ક્રિયા કરે આવા પ્રકારની ગોઠવણ છે.

**आलस्यं हि मनुष्याणां शरिरस्थो महारिपु: ।**
**नास्त्युद्यमसमो बन्धुः कृत्वायंना वसीदति ॥**

મારી વિધવા બ્હેનો તદ્દન ઉદ્યમ વિનાજ આળસમાં વખત વ્યતિત કરે છે. જો બંધુઓ તમો આ બાઇઓ પાસેથી કામ લેવા ધારોતો પુરૂષો કરતાં સ્ત્રીઓ ધાર્મિક ખાતાઓમાં આગળ પડતો ભાગ લઇ શકશે. કારણ કે વિધવા સ્ત્રીઓ સંસાર-ઉપાધિથી રહીત છે ને પુરૂષોને ઘણા પ્રકારના કાર્યો કરવાના હોય છે પણ બાઇઓ ને તેમ નથી માટે વિધવા સ્ત્રીઓને કેળવણી આપી લાયક બનાવવામાં આવે તો જૈનસમાજને અનેક પ્રકારે ઉપયોગી થઇ શકે.

વળી વિધવા સ્ત્રીઓની અવસ્થા ત્યાગીની અવસ્થા જેવી ગણાય છે. તેવી સ્ત્રીઓને હવે વસ્ત્રાલંકારથી શોભવાનું નથી, પણ વૈરાગ્ય પૂર્વક જ્ઞાનના શણગારથી શોભવાનું છે. યથાર્થ નીતિ અને ધર્મ પાળવો તે મનુષ્ય માત્રની ફરજ છે તથાપિ વિધવા સ્ત્રીઓએ અને વિશેષથી પાળવો જોઇએ ને તે, મયજ, જીવન ગાળવાનો છે. જ્ઞાન લીધા વિના કોઇ પણ દિવસ વાસ્તવિક સુખ મળવાનું નથી. અને તેવું જ્ઞાન કંઇ જેમને લખતાં કે વાંચતા બીલકુલ આવડતું નથી અને ગોખણ પટી કરી થોડું મુખ પાટ કરે તેમાં કેળવણીનો સમાવેશ થતો નથી. માટે મારા જૈન બન્ધુઓ પ્રત્યે નમ્ર વિનંતી છે કે ઉપર લખ્યા મુજબની વ્યવસ્થા લક્ષમાં લઇ વિધવાઓ પ્રત્યે દયાની લાગણી દર્શાવી આ કાર્યને ઉપાડી લેવા આદર કરશો.

લી૦ બાઇ વહાલી વીરચંદ (ઇડરવાળા.)
મુ૦ સૂરત, ગોપીપૂરા રાવસાહેબ
હીરાચંદ મોતીચંદની પાઠશાળામાં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# કર્મફળ ચેતના.

દ્રવ્યાનુયોગનું ગૂઢ રહસ્ય જે જૈનદર્શન જગતની દષ્ટિએ મૂકે છે તે કોઈ પણ પ્રકારની સ્ખલના રહિત છે એટલું જ નહિ પણ એક એવા વિશિષ્ટ પ્રકારનું સત્ય રજુ કરેછે કે જેના આલંબન વડે પ્રાણીઓ શીઘ્ર સંસાર સમુદ્રને તરવા પ્રયત્ન કરે તો તરી શકે છે. અનેક રહસ્યરત્નો પૈકી ચેતનાનો કર્મફળરૂપે વિશિષ્ટ સ્વભાવ એપણુ એક મોંઘા રહસ્યની જ શોધ છે. આઆત્મા જુદી જુદી અવસ્થાને પ્રાપ્ત થતો જુદા જુદા-સ્વરૂપને ધારણ કરે છે અને વિચિત્રરૂપે વર્તન વડે પ્રત્યક્ષ થાય છે. આ સ્વરૂપદર્શન બે પ્રકારનું છે. એકમાં ફક્ત શુદ્ધતા-નિર્મળતા-નિર્દોષતાને અવકાશ મળે છે જ્યારે બીજામાં શુદ્ધાશુદ્ધપણું અથવા અશુદ્ધપણું દષ્ટિગોચર થાય છે. જેમકે શુદ્ધ ઉપયોગવાળો આત્મા તે વિશેષ ઉપયોગમાં જ્ઞાનચેતના કહેવાય છે તેજ આત્મા સામાન્ય ઉપયોગમાં પ્રવૃત્તિ કરતાં દર્શનચેતના કહેવાય છે. આઉભય અવસ્થાઓનું કાર્ય શુદ્ધ અને આત્મેતર પદાર્થના સંયોગની પ્રવૃત્તિવાળું હોતુંજ નથી તેથી નિર્દોષ છે. ઈંદ્રિયાદિની અપેક્ષા વગરની આ અવસ્થાછે; જ્યારે કર્મચેતના, કર્મફળચેતના એ આત્માની કર્મકર્તૃત્વ તરીકેની તેમજ કર્મના ફળો ભોકતૃત્વની અપેક્ષાએ સદોષ અવસ્થા છે; આ કર્મફળ ચેતના આત્માની એક એવા પ્રકારની અવસ્થા છે જેમાં કર્મચેતનાવડે કરેલાં-પ્રાપ્ત કરેલાં કર્મનું ફળ ભોગવવા રૂપઆત્મપ્રવૃત્તિ છે.

આ ફળ ભોગવતાં સંસ્કારહીન પ્રાણીઓ તન્મય થઇ જઈ નવાંનવાં કર્મોનો વધારો કરી નવું નવું કર્મફળ ભોગવવાને પોતાની લાયકાત ઉત્પન્ન કરેછે.પરંતુ સંસ્કારી પ્રાણીઓ કાર્યફળ ભોગવતાં એક વિશિષ્ટ પ્રકારનો આનંદ માની પોતાનાજ કરેલા કાર્યના પરિણામરૂપે જાણી વર્તમાન સંયોગોમાં પ્રવૃત્ત થાય છે અને તદનુકૂળ વર્તન કરેછે જેથી કર્મફળચેતના જ્ઞાનચેતનામાં અવસ્થાંતરપણે ફેરવાઇ જાય છે, અને સ્વરૂપમાં અંતર્ભાવ થતાં સહજ સ્થિતિ ઉપલબ્ધ થવા સાથે ઉપાધિજન્ય ફલાપત્તિનો અભાવ થાયછે.

અસંસ્કારી આત્માઓ તો શુભ ફલના સંયોગ વખતે હર્ષાવેશમાં આવી આભિમાનિકી તૃપ્તિ-સુખરૂપ માની આનંદવાટિકામાં પોતાને ક્રીડા કરતો માને છે અથવા અશુભ ફલના સંયોગ વખતે કષાયાભિભૂત થઇ આર્તધ્યાનાદિ અપધ્યાનોમાં પ્રવૃત્ત થાય છે અને પોતેજ પ્રથમ કરેલ અષ્ટવિધ કર્મની પ્રવૃત્તિને સમજી શકતો નથી, તે સ્થિતિ ગ્રાહ્યમાં પણ આવી શકતી નથી એટલુંજ નહિ પણ તેની ઝાંખી પણ થઇ શકતી નથી— આમ હોઇને પ્રાપ્ત થયેલી સ્થિતિમાં હર્ષિત થાય છે કે મુંઝાય છે. જ્ઞાનના પ્રબલ સંસ્કારો, પૂર્વ જન્મના અભ્યાસની પ્રબલ વાસનાઓ તેમજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સદ્ગુરૂના ઉપદેશામૃતની ચમત્કારિક અસર શિવાય આત્માની પૂર્વોક્ત સ્થિતિમાં અંતર પડતો નથી. એ સ્થિતિમાં અંતર પડી જ્ઞાનચેતનારૂપે આત્માને સંબોધાય તેવી સ્થિતિનું સ્વરૂપ પ્રાપ્ત કરવું એ પ્રસ્તુત જૈનદર્શનનું અંતિમ રહસ્ય છે; પરંતુ એ અંતિમ રહસ્ય પ્રાપ્ત કરવા પૂર્વે ક્રમશઃ ઉચ્ચપદ ઉપર આરોહણ કરવા પ્રયાસ કરવો જોઇએ. કર્મફલ ચેતનાની પ્રવૃત્તિવડે પ્રાપ્ત કર્મને ભોગવી લેવા જેટલું બળ આવે તેમજ નવીન કર્મ ઉપાર્જન શકિતનો હ્રાસ થાય તેટલા માટે સદનુષ્ઠાનનું સેવન છે અને એ સેવન અંતરંગ સાધ્યનું પરંપર નિમિત્ત છે. શ્રીમદ્ આનંદઘનજી તેવાજ સ્વરૂપને મળતું વાકય કહે છે કે,

પરિણામી ચેતન પરિણામો, જ્ઞાન કર્મ ફળ ભાવીરે;

એ ઉપદેશનું ફળ યથાર્થ પાલન કરવા મુમુક્ષુઓ તત્પર બને છે અને સન્માર્ગગામી થઇ ઉચ્ચ પદ તરફ પ્રયાણ કરે છે.

" F "

# શ્રી જૈન સાહિત્ય સંમેલન–કાર્યાલય

## જોધપુર—મારવાડ.

સ્વાગતકારિણી સમિતિના ગત અધિવેશનમાં નિચે લિખિત નિબંધો નીચે મુજબના પાસ કરવામાં આવ્યા છેઃ—

૧ જૈન સાહિત્યની ઉત્તમતા.
૨ જૈન સાહિત્યમાં ગુજરાતી ભાષાને મળેલું સ્થાન.
૩ જૈન કથા સાહિત્ય.
૪ જૈન સાહિત્યમાં ઇતિહાસનાં સાધનો.
૫ પ્રાચીન શોધખોળોએ જૈન સાહિત્ય પર પાડેલો પ્રકાશ.
૬ જૈન સાહિત્યમાં અધ્યાત્મક શાસ્ત્રને મળેલું સ્થાન.
૭ આજ સુધીમાં કઇ કઇ ભાષાઓદ્વારા જૈન સાહિત્યનો વૃદ્ધિ થઇ અને હવે કઈ કઇ ભાષાઓદ્વારા જૈન સાહિત્ય લોકોપયોગી થઇ શકે તેમ છે ?
૮ જૈન સાહિત્યમાં પદાર્થ જ્ઞાન.
૯ જૈન સાહિત્યમાં વિવિધ વિષયોને મળેલું સ્થાન.
૧૦ જૈન સાહિત્યનો બહોળો ફેલાવો કરવાનાં સાધનો.
૧૧ પ્રાકૃત જૈન સાહિત્ય.

મંત્રી સ્વાગત કારિણી સમિતિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વર્તમાન સમાચાર.

## શ્રી બગસરા ગામમાં અઠ્ઠાઇમહોત્સવ અને ધાર્મિક કૃત્યો.

પૂજ્યપાદ મહોપકારી શ્રીમદ્ વિજયાનંદસૂરી ( આત્મારામજી મહારાજ ) ના શાંતિપ્રિય શિષ્ય મહાત્મા ઉપાધ્યાયજી મહારાજ શ્રી વીરવિજયજી મહારાજના શાંતમૂર્તિ શિષ્ય શ્રી વિનયવિજયજી મહારાજ વગેરે બગસરા શહેર જ્યાં કે મુનિ મહારાજાઓનું ઘણુંજ અલ્પ આગમન છે તેવા ગામમાં પધારવાથી સમગ્ર ગામને તેમના ઉપદેશામૃતથી અપૂર્વ આનંદ થયો છે. હાલમાં ત્યાં અઠ્ઠાઇમહોત્સવ થવા સાથે ઉક્ત મહાત્માના ઉપદેશથી ત્યાંના રહીશ શેઠ કલ્યાણજી કુંવરજી તથા દોશી ચતુરભૂજ વિગેરે ઘણા શ્રાવક શ્રાવિકાઓએ બ્રહ્મચર્યવ્રત ધારણ કરેલ છે. વિશેષ ગામમાં આપસ આપસમાં કેટલોક કુસુંપ હતો તેની પણ શાંતિ થયેલ છે. અઠ્ઠાઇમહોત્સવના દરમ્યાનમાં એક દિવસ ઉક્ત મુનિરાજે માનસિક કેળવણી ઉપર જાહેર ભાષણ આપ્યું હતું જેમાં જૈનો સિવાય બગસરાના દરબાર વગેરે જૈનેતરોની પણ સંખ્યા સારી હતી. આ ગામમાં મુનિરાજોના ઉતર વા માટે ઉપાશ્રય જેવું સ્થાન ન હોવાથી દોશી કુરજી ભાભાના તરફથી રૂા. ૫૦૧ ) ની રકમ તે માટે સંઘને અર્પણ કરેલ છે. તે સિવાય શેઠ માણેકચંદ નાગરદાસ વગેરે જૈન બંધુઓ તરફથી દેવદ્રવ્ય વગેરેમાં પણ વૃદ્ધિ થઇ હતી. ઉક્ત મહાત્માએ સર્વ માન્ય એક સામાજીક ઉપદેશ ગ્રંથ યોજ્યો છે તે નિમિત્તે તેના ઉત્તેજન તરિકે પણ એક રકમ ઉત્પન્ન થઇ છે. મુનિ મહારાજાઓના આવાગમનથી તથા ઉપદેશથી અનેક ધાર્મીક કૃત્યો થાય છે. છેવટે સૂચના કરવાની કે આ થયેલા દરેક ધાર્મીક કૃત્યો જો કે ખરેખર અનુમોદન કરવા જેવા છે પરંતુ વર્તમાન કાળને માટે ખરેખરી રીતે જે ધાર્મિક તેમજ વ્યવહારિક ઉંચી કેળવણીની જૈનોના બાળકોને જરૂર છે કે જેના વગર આ જમાનામાં ઉન્નત્ દશા થઇ શકે તેમ નથી તો તેવા કાર્યોને માટે દરેક મુનિ મહારાજાઓને અમો વિનંતિ કરીએ છીયે કે બીજા કાર્યો કરાય છે, તેમ ઉક્ત મહત્વના કાર્યોને પણ મુખ્ય ગણી તે માટે ઉપદેશ દરેક સ્થળે આપવા કૃપા કરશે.

## આત્માનંદપ્રકાશના અધીપતિ જોગ.

### ( ઇડરથી શ્રી કેસરીયાજી. )

શ્રી ઇડરમાં આવેલા પાટણવાલા શા. નગીનચંદ સાકરચંદના સંઘે મહારાજ શ્રી હંસવિજયજીને પોતાના સંઘ સાથે પધારવા વિનંતિ કરી તેથી તથા પ્રથમ પણ સંઘમાં પધારવા સંઘવી તરફથી માણસો પાલણપુર તરફ તેડવા આવેલા તે બાબતને ધ્યાનમાં લઇને ઉક્ત મહારાજ તથા પંન્યાસ સંપતવિજયાદિ મુનિમંડળ શ્રી કેસરીયાજીની યાત્રા કરવા સામેલ થયું હતું. ઇડરથી પ્રથમ પડાવ ગામ કુકડીયે થયો હતો, તે ગામમાં દેવદ્રવ્યાદિકનો ગોટાળો હતો, તેની સફાઇ કરવા મહારાજશ્રીયે ત્યાંના ગ્રહસ્થોને ઉપદેશ આપ્યો હતો. ત્યાં થોડોક વખત રોકાઇ સમાધાન કર્યું હતું, ત્યાંથી પોસીના ગામે સંઘનો પડાવ થયો હતો. આ ગામશ્રી પોસીના પાર્શ્વનાથના તીર્થ તરીકે ઓળખાય છે, પ્રભુની મનોહર મૂર્ત્તિ સંપ્રતિ રાજાના વખતની જણાય છે, પરંતુ દિગંબરી લોકો યાત્રાએ આવતા હોવાથી ચક્ષુઓ ચઢાવેલી નથી. કારખાનુ તથા ધર્મશાળા શ્વેતાંબર સંઘને સ્વાધીન છે. બીજી શિખરબંધ મોટી દેરીયોમાં પણ પ્રતિમાજીને ચક્ષુ ચઢાવેલ નથી, કોઇ સખી ગ્રહસ્થ આવીને ચઢાવે તો લાભનું કારણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે, ત્યાંથી પાલ થઇ ખેરવાડાની છાવણીમાં આગમન થયું હતું, આ બંને સ્થળોના દેવળ પણ ઘણી જીર્ણ સ્થિતિમાં છે, ત્યાંથી અનુક્રમે ચાલતાં પોસ વદી ૫ ના દિવસે સંઘ શ્રી ધુલેવા પહોંચ્યો હતો, અને શ્રી કેસરીયાજી નાથજીની યાત્રા શ્રી હંસવિજયાદિ ૩૨ સાધુ સાધ્વી સાથે આનંદથી કરી હતી. ઇહાં સંઘ તરફથી અઠ્ઠાઇમહોત્સવપૂર્વક વરઘોડો કાઢવામાં આવ્યો હતો. તેમજ દાન પુણ્ય અને સ્વધર્મ વાત્સલ્ય કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આબુ રાજથી તથા ઊદેપુરથી કેટલાએક યુરોપીયનો મેના સહિત હાથીના હોદા ઉપર ચઢી શ્રી કેસરીયાનાથના દેવલની મૂલાકાત લેવા આવ્યા હતા, અહીં યુરોપીયન લોકોને બુટ વિના પણ દેવળની અંદર જવાનો રીવાજ નહી હોવાથી તેઓ દેવળની દેરીયોના પાછલા ભાગમાં ફરી ગયા છે ત્યાંથી સંઘ સાથે મહારાજ શ્રી ડુંગરપુર પધાર્યા છે ઇહાં ત્રણ ચાર શિખરબંધ મોટાં દેવળો છે, પરંતુ ઘણાં જ જીર્ણ સ્થિતિમાં આવી ગયેલા છે. સેંકડો મૂર્તિઓ ચક્ષુ વિનાની છે વાસ્તે કોન્ફરન્સ તરફથી અગર શેઠ આણંદજી કલ્યાણજી તરફથી કોઇ લાયક નરોને ઇહાં મોકલી જીર્ણોદ્ધાર કરાવવામાં આવે અને કોઇ ચક્ષુઓ ચઢાવી જાયતો ઘણો જ લાભ થવા સંભવ છે. કોઇ સદ્ગ્રહસ્થને પણ પોતાની લક્ષ્મીનો લાભ લેવો હોયતો આ કાર્ય હાથ ધરવા ભાગ્યશાળી થવું.

( મળેલું )

# ग्रंथावलोकन.

## संस्कृत स्वयंशिक्षक, अथवा सेल्फ संस्कृत टीचर.

### भाग १ लो.

આ સભાના શાસ્ત્રી અને ભાવનગર સ્ટેટ હાઇસ્કુલના સંસ્કૃત શિક્ષક શ્રીયુત **શાસ્ત્રી નર્બદાશંકર દામોદર** તરફથી ઉપરનું પુસ્તક અમોને ભેટ મળેલું છે, તે ઉપકાર સહિત સ્વીકારતાં અમોને અતિ આનંદ ઉત્પન્ન થાય છે. આ પુસ્તકની સરલતા ભરેલી પદ્ધતી ઘણીજ પસંદ કરવા યોગ્ય છે. આજસુધી બાહેર પડેલા સંસ્કૃત ભાષાના શિક્ષણના પુસ્તકોમાં સુગમતાથી સંસ્કૃત શીખવાના સાધન તરીકે આ પુસ્તકને અમો પ્રથમપદ આપીએ છીએ. જેઓ ગુજરાતી લેખન—વાંચનનું જ્ઞાન ધરાવતા હોય તેમને સંસ્કૃત ભાષામાં પ્રવેશ કરવામાટે આ પુસ્તક ઘણુંજ ઉપયોગી થયા વિના રહેશે નહીં, એમ ખાત્રીથી કહી શકીએ છીએ. ઇંગ્રેજી સ્કુલોમાં ચાલતા સંસ્કૃત માર્ગોપદેશીકાના અભ્યાસીઓને તો આ પુસ્તક ખરેખર મદદગાર થઇ પડશે. તે શિવાય જે ભાઇઓ તથા બ્હેનો પોતાને ઘેર રહી પોતાની મેળે સંસ્કૃત ભાષા શીખવાની ઇચ્છા રાખતા હોય તેમને સંસ્કૃત ભાષાનું સ્વયં શિક્ષણ લેવાને માટે આ પુસ્તક અત્યંત ઉપયોગી થઇ પડશે. આ પ્રથમ ભાગમાં સ્વર, વ્યંજન, સંધિ, ધાતુ નામ, વિશેષણ સર્વ નામ અને કૃદંતના વિષયો ઘણી સરળતાથી સમજાવવામાં આવેલા છે. તેને લગતા નિયમો ઉદાહરણ સાથે એવા તો સરલ રીતે સમજાવ્યા છે કે જે ઉપરથી અભ્યાસી પોતાની મેળે વાંચીને સમજી શકે તેમ છે. વળી સંસ્કૃત શીખવામાં વીદ્યાર્થીને જે જે મુશ્કેલીઓ આવે છે, તેને દૂર કરવાને તેમાં બનતો પ્રયત્ન કરવામાં આવ્યો છે. ટુંકામાં પોતાના શિક્ષક તરીકેના લાંબા અનુભવનો ગ્રંથકારે તે તે વિષયો તથા નિયમોના પૃથક્કરણ કરી સાર ગ્રહણ કરાવવામાં સારો ઉપયોગ કરેલો છે. તેથી અમો ગ્રંથકર્ત્તાના આ સ્તુત્ય પ્રયાસને અભિનંદન આપીયે છીએ અને જણાવીયે છીએ કે પુસ્તક સર્વ પ્રકારે ઉત્તેજનને પાત્ર છે. આ પુસ્તકની કિંમત એક રૂપીઓ રાખવામાં આવી છે અને તે પુસ્તક **અમારી સભામાંથી** મલી શકશે. વેચાણ મળી શકશે પોસ્ટેજ જૂદુ.

For Private And Personal Use Only